<u>ખાસ અગત્યનું</u>

નં.નાનિ/વિજાક/લઘુમતી/પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ/૨૦૧૨-૧૩/૨૪૦૩

જિલ્લા નાયબ નિયામક (વિ.જા.)ની ક્ચેરી
જુની કોર્ટ બિલ્ડીંગમાં ,બહુમાળી કેંમ્પસ,
નાનપુરા,સુરત. તા.૦૫/૦૬/૨૦૧૨
ફોન/ફેકસ : ૦૨૬૧-૨૪૬૦૬૯૮

પ્રતિ,

.............................................................................

.............................................................................

.............................................................................

વિષય : <u>ભારત સરકારશ્રીની લઘુમતી જાતિના વિધાર્થીઓ માટે "પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના" માટે **ONLINE** અને મેન્યુઅલ અરજી કરવા બાબત.</u>

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ભારત સરકારશ્રીના અલ્પસંખ્યક કાર્યમંત્રાલય, નવી દિલ્હી દ્વારા અમલીત **મુસ્લીમ, ખ્રિસ્તી, શીખ, પારસી, બોદ્ધ** લઘુમતી જાતિના વિધાર્થીઓ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંર્તગત લઘુમતી જાતિના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના નીચે જણાવેલ તકનીકી અને વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ કે જેઓ ધો. ૧૧-૧૨ થી P.hD. સુધી તેમજ તકનીકી ધો. ૧૧-૧૨ સમકક્ષના અને વ્યાવસાયિક અભ્યાસક્રમો (NCVT) સાથે જોડાયેલ હોય તેવી સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ કે જેઓએ આ યોજના હેઠળ અગાઉ શિષ્યવૃત્તિનો લાભ મેળેલ ન હોય તેવા ફ્રેશ વિધાર્થીઓ તેમજ અગાઉ આ યોજના હેઠળ લાભ મેળવેલ હોય અને તેઓનો અભ્યાસ ચાલુ હોય અને યોજનાની શરતો પરિપૂર્ણ કરતા હોય તેવા રીન્યુઅલ વિધાર્થીઓ પાસેથી વર્ષ ૨૦૧૨-૧૩ માં શિષ્યવૃત્તિ મેળવવા નીચે મુજબની શરતોને આધીન રહી **ONLINE** અને મેન્યુઅલ અરજીઓ મંગાવવામાં આવે છે.

<u>મેન્યુઅલ અરજી :</u>

- ધોરણ ૧૧-૧૨ માં અભ્યાસ કરતા વિધાર્થીઓ અને રાજ્ય બહાર અભ્યાસ કરતા વિધાર્થીઓએ મેન્યુઅલ અરજી કરવાની રહેશે. અને મેન્યુઅલ અરજી અત્રેની કચેરીએ શાળા/કોલેજ/સંસ્થા મારફત રજુ કરવાની રહેશે. આ દરખાસ્તની તારીજ શાળા/કોલેજ/સંસ્થાએ આ સાથે સામેલ રાખેલ નિયત નમૂનાના પત્રક મુજબ MS EXCEL માં ફોન્ટ: ARIAL માં અને એક વિધાર્થીની માહિતી એક જ રો(લાઇન) માં આવે એ રીતે તૈયાર કરવાની રહેશે. આ તમામ માહિતીની CD અને અરજીપત્રક સાથે જરુરી સબંધિત સાધનિક નિયત સમયમાં રજુ કરવાના રહેશે.

<u>**ONLINE** અરજી :-</u>

- તે સિવયના ITI, સ્નાતક,અનુસ્નાતક, M.Phil અને P.hD. ના અભ્યાસક્રમોવાળા વિધાર્થીઓએ **ONLINE અરજી** કરવાની હોય વિધાર્થીઓ દ્વારા નીચેની વેબસાઇટ પર લોગીન કરી અરજી કરવાની રહેશે. **ONLINE** અરજી કરવાની પધ્ધતી નીચે મુજબ છે.

(૧) **<u>www.momascholarship.gov.in</u>** પર અરજદાર વિધાર્થીઓએ **Post Metric**

**Scholarship** માં **Student Registration** માં જઇ અરજી કરવાની રહેશે.

(૨) રીન્યુઅલ વિધાર્થીઓએ પોતાના પરમેનન્ટ ID નંબર નાખીને અરજી કરી શકશે.

(૩) ગત વર્ષે **ONLINE** અરજી કરેલ હોય અને શિષ્યવૃત્તિ મંજુર થયેલ ન હોય તેવા વિધાર્થીનો જે તે અભ્યાસક્રમ ચાલુ હોય તો વર્ષ ૨૦૧૨-૧૩ માં ફ્રેશ વિધાર્થી તરીકે **ONLINE** અરજી કરવાની રહેશે.

(૪) નવા વિધાર્થીઓએ ફ્રેશ તરીકે અરજી કરવાની રહે છે.

(૫) **ONLINE** અરજી કરી ત્યારબાદ આ અરજીની **SOFTCOPY** કોલેજને ફોરવર્ડ કરી અરજીપત્રકની પ્રિન્ટ આઉટ મેળવી તેમાં જણાવેલ સંબંધિત સાધનિક કાગળો -એફીડેવીટ/વર્ષ -૨૦૧૨ ની માર્કશીટની નકલ સહિતની હાર્ડકોપી તથા **SOFT COPY** કોલેજને **SUBMIT** કરવાની રહે છે.

(૬) શાળા/કોલેજ/સંસ્થાએ પોતાના **USER ID /PASSWORD** નો ઉપયોગ કરી **SOFT COPY** સાથે હાર્ડકોપીની ચકાસણી કરી હાર્ડકોપી(અરજીપત્રક) સાથે આવક મર્યાદા/ટકાવારી/છેલ્લી પરીક્ષાની માર્કશીટ/ધર્મ/આવકના પુરાવઓ/સોગંદનામું- અરજીમાં ભરેલ ફી-સંસ્થાના સહી સિક્કા/ડેસ્કોલર/હોસ્ટેલર વગેરેની ચકાસણી કરી **ONLINE** અરજી **DISTRICT ONLINE FORWARD** કરવાની રહેશે. તથા સાધનિક કાગળોની ચકાસણી કરી અત્રેની જિલ્લા નાયબ નિયામક, (વિકસતી જાતિ) સુરતની કચેરીએ નિયત સમયમર્યાદામાં મોકલી આપવાની રહેશે

**<u>યોજનાની શરતો:</u>**

૧. ભારતમાં અભ્યાસ કરતા (માન્ય સંસ્થામાં) લઘુમતી કોમના વિધાર્થીઓને જ આ શિષ્યવૃતી મળવાપાત્ર છે.

૨. વિધાર્થીઓએ છેલ્લી વાર્ષિક પરીક્ષામાં ૫૦% થી ઓછા ગુણ મેળવેલ ન હોવા જોઇએ.

૩. વિધાર્થીઓની પસંદગી ચુસ્ત રીતે ગુણવત્તાના ધોરણે જ કરવામાં આવશે.

૪. અન્ય શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મેળવેલ વિધાર્થીને આ યોજનાનો લાભ મળી શકશે નહી.

૫. વિધાર્થીના માતા-પિતા/વાલીની આવકના બધા સાધનોમાંથી મળીને કુટુંબની કુલ વાર્ષિક આવક ₹2.00 લાખથી વધુ ન હોવી જોઇએ.

૬. કુટુંબમાં વધુમાં વધુ બે વિધાર્થીઓને આ શિષ્યવૃત્તિ મળવા પાત્ર રહેશે.

૭. 30% શિષ્યવૃત્તિ વિધાર્થીની(કન્યા)ઓ માટે અનામત રહેશે.

૮. વિધાર્થીએ **ONLINE** અરજી ફોર્મ ભરી અભ્યાસ કરતી કોલેજને SOFTCOPY FORWARD કરી તેની હાર્ડકોપી સહિત નીચે દર્શાવેલ આધાર પુરાવાની પ્રમાણિત નકલ સામેલ કરી જે તે સંસ્થા/યુનિવર્સિટી/કોલેજને રજુ કરવાની રહેશે.

૯. સંસ્થા/યુનિવર્સિટી /કોલેજને રજુ કરેલ આ અરજી તથા સાધનીક કાગળોની ચકાસણી કરી અત્રેની જિલ્લા નાયબ નિયામક, (વિકસતી જાતિ) સુરતને નિયત સમયમર્યાદામાં મોકલી આપવાની રહેશે.

- <u>નવુ (fresh) અરજી ફોર્મ **ONLINE** કરવાની છેલ્લી તારીખ 30/૦૯/૨૦૧૨ છે.</u>
- <u>રીન્યુઅલ અરજીફોર્મ **ONLINE** કરવાની છેલ્લી તારીખ 30/૦૯/૨૦૧૨ છે.</u>

**<u>પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ માટે માન્ય અભ્યાસક્રમો:-</u>**

(૧) **ધોરણ ૧૧ અને ૧૨ :** ધો. ૧૧-૧૨(આર્ટસ, કોમર્સ, સાયન્સ)

(૨) **તકનીકી અને વ્યાવસાયિક:-** આઇ.ટી. આઇ.

(૩) **ડિપ્લોમા:-** ડિપ્લોમા/જનરલ નર્સિંગ/પી.ટી.સી. ડિપ્લોમા ફાર્મસી

(૪) **પોલીટેકનીક:-** તમામ પોલીટેકનીકના અભ્યાસક્રમો

(૫) **રિસર્ચ :-** રૂરલ ડેવલપમેન્ટ/પીએચ.ડી./એમ.ફીલ./

(૬) **સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો** ; આર્ટસ/કોમર્સ/સાયન્સ/બી.એ./બી.બી.એ./ બી.સી.એ./બી.કોમ./બી.એસ.સી./બી.એડ/ એમ.એ./એમ.કોમ./એમ.એસ.સી./એમ.એડ/ એમ.સી.આઇ.ટી./આઇ.એ./આઇ.કોમ./આઇ.એસ.સી.

**<u>અરજીફોર્મ સાથે સામેલ કરવાના થતા આધાર પુરાવા:-</u>**

૧. વિધાર્થીનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો એક ફોટો.

૨. છેલ્લી વર્ષ ૨૦૧૧-૧૨ ની પરીક્ષાની માર્કશીટની નકલ.

૩. અરજદારના કુટુંબની વાર્ષિક આવક અંગેનો સક્ષમ અધિકારીનો દાખલો /એફિડેવિટ.

૪. અરજદાર ધાર્મિક લઘુમતી હોવા અંગેનો સક્ષમ અધિકારીનો દાખલો /એફિડેવિટ.

૫. અરજદાર જે વર્ષ માટે શિષ્યવૃત્તિની અરજી કરેલ હોય તે વર્ષ માટે ભરેલ ફીની પહોંચની નકલ.

૬. હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતા વિધાર્થીના કિસ્સામાં હોસ્ટેલના રેક્ટર/અધિકારીનો દાખલો.

**નોંધ:-**

- સંસ્થા/કોલેજોએ પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ માટે રજીસ્ટ્રેશન કરાવવુ જરુરી છે. આ રજીસ્ટ્રેશન માટે આ સાથે સામેલ જાહેરાત -૨ માં જણાવ્યા મુજબની માહિતી ભરીને laghumati@gmail.com મોકલી આપવાની રહેશે. જેથી આપને આપની સંસ્થા/કોલેજનો **USER ID/PASSWARD** મળી જશે.
- વિધાર્થીઓ માટે સુરત શહેર અને જિલ્લાની તમામ Bank Of India માં ઝીરો બેલેન્સથી બચત ખાતુ ખોલી આપવામાં આવશે. આ માટે નજીકની બેંક ઓફ ઇન્ડીયાનો સંપર્ક કરવા સલાહ છે.
- અરજી સાથે અરજદાર વિધાર્થીએ પોતાનું નામ અને રહેણાંકના પુરેપુરા સરનામા સાથેનું 5"×11" નું કવર સામેલ રાખવુ.કવર ઉપર પોતાનો મોબાઇલ નંબર પણ અવશ્ય લખવો.
- ખોટી આવક-જાતિ-ધર્મ કે ખોટી વિગતો રજુ કરીને શિષ્યવૃત્તિ મેળવવી એ ગુન્હો બને છે. ખોટી વિગતો રજુ કરીને શિષ્યવૃત્તિ મેળવનાર/મેળવવાનો પ્રયત્ન કરનાર વિધાર્થી/તેમના વાલી સામે પોલીસ ફરીયાદ કરવામાં આવશે. સર્વે વિધાર્થીઓ અને તેમના વાલીઓને આ અંગે નોંધ લેવા વિનંતી છે.

બિડાણ:

જાહેરાતની નકલ.

નિયત નમુનાનું પત્રક

**જિલ્લા નાયબ નિયામક**
**(વિકસતી જાતિ) સુરત**

**નકલ સવિનય રવાના:**

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ ગુજરાત રાજ્ય ગાંધીનગર જાણ સારુ

# Website : www.momascholarship.gov.in પોસ્ટ મેટ્રિક માટે ONLINE અને મેન્યુઅલ અરજી કરવાની જાહેરાત

ભારત સરકારશ્રીના અલ્પસંખ્યક કાર્યમંત્રાલય, નવી દિલ્હી દ્વારા અમલીત

## મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, પારસી, બૌધ્ધ લઘુમતી જાતિના વિદ્યાર્થીઓ માટે 'પોસ્ટ - મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના'

ગુજરાત સરકાર, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

લઘુમતી જાતિના વિદ્યાર્થીઓ કે જેઓ ધો.૧૧ થી પી.એચ.ડી. સુધી તેમજ તકનીકી ધો.૧૧-૧૨ અને તેની સમકક્ષના અને વ્યાવસાયિક અભ્યાસકમો (NCVT સાથે જોડાયેલ હોય તેવી સંસ્થાઓમાં) અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કે જેઓને આ યોજના હેઠળ અગાઉ શિષ્યવૃતિનો લાભ મળેલ ન હોય તેવા ફ્રેશ વિદ્યાર્થીઓ તેમજ અગાઉ આ યોજના હેઠળ લાભ મેળવેલ હોય અને તેઓનો અભ્યાસ ચાલુ હોય અને યોજનાની શરતો પરિપૂર્ણ કરતા હોય તેવા રીન્યુઅલ વિદ્યાર્થીઓ પાસેથી વર્ષ - ૨૦૧૨-૧૩માં શિષ્યવૃતિ મેળવવા નીચેની શરતોને આધીન રહી ONLINE અરજીઓ મંગાવવામાં આવે છે. આ અરજીઓ Online રજુ કરવાની હોય વિદ્યાર્થીઓ દ્વારા નીચેની વેબસાઇટ પર લોગીન કરી અરજી કરવાની રહેશે.

૧ ધો. ૧૧ અને ૧૨ મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા રાજ્યની બહાર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ મેન્યુઅલ અરજી કરવાની રહેશે. અને મેન્યુઅલ અરજી જે તે જિલ્લા કચેરીમાં સાધનીક કાગળો સાથે રજુ કરવાની રહેશે.

૨. તે સિવાયના આઇ.ટી.આઇ. સ્નાતક, અનુસ્નાતક, એમ.ફીલ અને પી.એચ.ડી.ના અભ્યાસકમો વાળા વિદ્યાર્થીઓએ ONLINE STUDENT REGISTRATION ઉપરની વેબસાઇટ પર LOGIN થઇ પોસ્ટ મેટ્રિક યોજનામાં અરજી પત્રક ભરી સંસ્થાને ONLINE FORWARD કરવી તથા અરજી પત્રકના તમામ પાનાની પ્રિન્ટ આઉટ મેળવી નીચેના સાધનિક કાગળો સાથે સંસ્થામાં રજુ કરી સંસ્થા મારફતે યોગ્ય તે જગ્યાએ સહી સિક્કા કરાવીને રહેઠાણના સંબંધિત જિલ્લામાં, જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીને સમયમર્યાદામાં મોકલી આપવાની રહેશે.

૩. www.momascholarship.gov.in ONLINE પોસ્ટ મેટ્રિક યોજનામાં નીચેના અભ્યાસકમો માટે અરજીપત્રક રજૂ કર્યા પછીથી અરજીપત્રની પ્રિન્ટ આઉટ મેળવી તેમાં જણાવેલ સંબંધિત સાધનિક કાગળો સાથે વિદ્યાર્થી અભ્યાસ કરતાં હોય તે સંસ્થામાં રજુ કરવાના રહેશે. સંસ્થા દ્વારા અરજીપત્રકની ચકાસણી કરી જે તે સંબંધિત જિલ્લા કચેરીએ સમયમર્યાદામાં મોકલી આપવાની રહેશે.

૪. સંસ્થાને વિદ્યાર્થી દ્વારા ONLINE અરજીની SOFT COPY મળે પછીથી સંસ્થાએ O.S.M.S. માં રજીસ્ટ્રેશન કરાવેલ હોય તે USER ID અને PASSWORD નો ઉપયોગ કરી હાર્ડકોપીમાં સહી સિક્કા કરી, ચકાસણી કરી ONLINE અરજીની SOFTCOPY DISTRICT ને Submit કરવાની થાય છે. અને હાર્ડકોપી રહેઠાણના જિલ્લાના જિલ્લા અધિકારીને ઉપર-૨માં જણાવ્યા મુજબ મોકલવાની થાય છે.

**પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ માટે માન્ય અભ્યાસકમો :-**

(૧) ધો. ૧૧ અને ૧૨ : ધો. ૧૧-૧૨ (આર્ટસ, કોમર્સ, સાયન્સ) (૨) તકનીકી અને વ્યવસાયિક : આઇ.ટી.આઇ. (૨) ડિપ્લોમા : ડિપ્લોમા /જનરલ નર્સિંગ/ પી.ટી.સી. / ડિપ્લોમા ફાર્મસી (૪) પોલીટેકનીક : તમામ પોલીટેકનીકના અભ્યાસકમો (૫) રિસર્ચ : રૂરલ ડેવલપમેન્ટ / પી.એચ.ડી. / એમ. ફીલ (૬) સ્નાતક અને અનુસ્નાતકક્ષાના અભ્યાસકમો : આર્ટસ / કોમર્સ / સાયન્સ/ બી.એ. / બી.બી.એ./ બી.સી.એ./ બી. કોમ./ બી.એસ.સી. / બી.એડ./ એમ.એ./ એમ.કોમ. / એમ. એસ.સી. / એમ.એડ./ એમ.એસ.સી. આઇ.ટી. / આઇ.એ. / આઇ.કોમ. / આઇ.એસ.સી.

**યોજનાની શરતો :-**

(૧) ભારતમાં અભ્યાસ કરતાં (માન્ય સંસ્થામાં) લઘુમતી કોમના વિદ્યાર્થીઓને જ આ શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે. (૨) વિદ્યાર્થીએ છેલ્લી વાર્ષિક પરીક્ષામાં ૫૦% થી ઓછા ગુણ મેળવેલ ન હોવા જોઇએ. (૩) વિદ્યાર્થીઓની પસંદગી ચુસ્ત રીતે ગુણવત્તાના ધોરણે જ કરવામાં આવશે. (૪) અન્ય શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મેળવેલ વિદ્યાર્થીને આ યોજનાનો લાભ મળી શકશે નહીં. (૫) વિદ્યાર્થીના માતા-પિતા / વાલીની આવકના બધા સાધનોમાંથી મળીને કુટુંબની કુલ વાર્ષિક આવક રૂા. ૨.૦૦ લાખથી વધુ ન હોવી જોઇએ. (૬) ૩૦% શિષ્યવૃત્તિ વિદ્યાર્થીની (કન્યા)ઓ માટે અનામત રહેશે. (૭) કુટુંબના વધુમાં વધુ બે વિદ્યાર્થીઓને આ શિષ્યવૃત્તિ મળવાપાત્ર રહેશે. (૮) વિદ્યાર્થીએ Online અરજી ફોર્મ ભરી નીચે દર્શાવેલ આધાર પુરાવાની પ્રમાણિત નકલ સામેલ કરી જે તે સંસ્થા / યુનિવર્સિટી / કોલેજને રજુ કરવાની રહેશે.

**નવું** (fresh) **અરજીફોર્મ** ONLINE **કરવાની છેલ્લી તારીખ : ૩૦/૦૯/૨૦૧૨. રીન્યુઅલ અરજીફોર્મ** ONLINE **કરવાની છેલ્લી તારીખ : ૩૦/૦૯/૨૦૧૨**

**અરજીફોર્મ સાથે સામેલ કરવાના થતા આધાર-પુરાવા :-**

- વિદ્યાર્થીનો પાસપોર્ટ સાઇઝનો ૧ ફોટો
- છેલ્લી વર્ષ ૨૦૧૨ની પરીક્ષાની માર્કશીટની નકલ.
- અરજદારના કુટુંબની વાર્ષિક આવક અંગેનો સક્ષમ અધિકારીનો દાખલો / એફિડેવિટ.
- અરજદાર ધાર્મિક લઘુમતીનો હોવા અંગેના સક્ષમ અધિકારીનો દાખલો / એફિડેવિટ.
- અરજદારે જે વર્ષ માટે શિષ્યવૃત્તિની અરજી કરેલ હોય તે વર્ષ માટે ભરેલ ફીની પહોંચની નકલ.
- હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીના કિસ્સામાં હોસ્ટેલના રેક્ટર / અધિકારીનો દાખલો.

(કે. જી. વણઝારા)
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નોંધ : ૧. અધુરી વિગતો તેમજ છેલ્લી તારીખ પછી મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં.
૨. યોજનાની વધુ જાણકારી ઉપર જણાવેલ વેબસાઇટ પરથી મળી શકશે.
૩. શૈક્ષણિક સંસ્થા મારફત મળેલ અરજીફોર્મ જ માન્ય ગણાશે.

માહિતી/૩૩૧/૧૨-૧૩

ફ્રેશ ઘુ૨ ૧૯/૫/૨૦૧૨

**Website:- www.momascholarship.gov.in પોસ્ટ મેટ્રિક માટે ONLINE રજીસ્ટ્રેશનની કામગીરી કરવાની જાહેરાત**

## ભારત સરકારશ્રીના અલ્પસંખ્યક કાર્યમંત્રાલય, નવી દિલ્હી દ્વારા અમલીત

## મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, પારસી, બૌદ્ધ લઘુમતી જાતિના વિદ્યાર્થીઓ માટે "પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના"

## ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ભારત સરકારશ્રીના અલ્પસંખ્યક કાર્યમંત્રાલય દ્વારા લઘુમતી જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ લાભ આપવામાં આવે છે. આ યોજનાની કામગીરી ચાલુ વર્ષ ૨૦૧૨-૧૩થી ONLINE કરેલ છે. નીચે દર્શાવેલ અભ્યાસક્રમો પૈકી કોઈ પણ અભ્યાસક્રમ ચલાવતી સંસ્થા/કોલેજોનું ઉપર દર્શાવેલ વેબસાઈટમાં રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. આ રજીસ્ટ્રેશન કરાવવાથી સંસ્થા/કોલેજોને પોતાના ઈ-મેઈલ એડ્રેસ/મોબાઈલ પર USERID/PASSWORD મોકલી આપવામાં આવશે અને તેનો ઉપયોગ કરીને ચાલુ વર્ષ ૨૦૧૨-૧૩ પોતાની કોલેજોમાં ભણતાં મુસ્લીમ/ શીખ/ ખ્રિસ્તી/ પારસી/ બૌદ્ધ ધર્મના લઘુમતી વિદ્યાર્થીઓ પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ONLINE કામગીરી કરી શિષ્યવૃત્તિ અપાવી શકશે. રાજ્યની તમામ સરકારી/ ગ્રાન્ટ ઈન એઈડ/ સ્વનિર્ભર આઈ.ટી.આઈ. અને નીચેના અભ્યાસક્રમો વાળી કોલેજોએ રજીસ્ટ્રેશન માટે અંગ્રેજીમાં નીચેની માહિતીનો E-mail એડ્રેસ laghumati@gmail.com પર મોકલવાની રહેશે.

જે વિદ્યાર્થી ઉક્ત અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા હોય તે પણ આઈ.ટી.આઈ./ કોલેજો મારફતે ઉક્ત માહિતી અંગ્રેજીમાં ઉક્ત E-mail એડ્રેસ પર મોકલાવી શકશે. તો તાત્કાલિક E-mail અન્વયે કાર્યવાહી કરવા વિનંતી છે. જે આઈ.ટી.આઈ./ કોલેજો રજીસ્ટ્રેશન કરાવેલ ન હોય તે સંસ્થાના વિદ્યાર્થીઓને ONLINE ફોર્મમાં સંસ્થાનું નામ ન હોવાથી ફોર્મ ભરી શકશે નહીં તેથી રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.

| Sr. No | Name of College/ I.T.I | Address of College/ I.T.I | University Name/ I.T.I Board | Government/ Self Financed/ private | Name of Courses | Principal | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | Principal Name | Principal Email ID | Principal Mobile No. |
| | | | | | | | | |

**પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ માટે માન્ય અભ્યાસક્રમો :-**

(૧) તકનીકી અને વ્યવસાયિક :- આઈ.ટી.આઈ. (૨) ડિપ્લોમા:- ડિપ્લોમા/ જનરલ નર્સિંગ/ પી.ટી.સી./ ડિપ્લોમા ફાર્મસી (૩) પોલીટેકનિક :- તમામ પોલીટેકનીકના અભ્યાસક્રમો (૪) રીસર્ચ :- રૂરલ ડેવલપમેન્ટ/ પી.એચ.ડી./ એમ.ફીલ. (૫) સ્નાતક અને અનુસ્નાતકક્ષાના અભ્યાસક્રમો :- આર્ટ્સ/ કોમર્સ/ સાયન્સ/ બી.એ./બી.બી.એ./ બી.ટી.એ./બી.કોમ./ બી.એસ.સી./ બી.એડ./એમ.એ./એમ.કોમ./એમ.એસ.સી./એમ.એડ./એમ.એસ.સી.આઈ.ટી./આઈ.એ./આઈ.કોમ./આઈ.એસ.સી.

નવુ (fresh) અરજી ફોર્મ ONLINE કરવાની છેલ્લી તારીખ : ૩૦/૦૯/૨૦૧૨

રીન્યુઅલ અરજીફોર્મ ONLINE કરવાની છેલ્લી તારીખ : ૩૦/૦૯/૨૦૧૨

(કે.જી. વણઝારા)
નિયામક
વિકસતિ જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૪૩૫/૧૨-૧૩

2-6-2012 [illegible]

## Formate for Providing Details of Students Recommended for Award of Scholarship

Director of Developing Caste Welfare Department, Government of Gujarat, Gandhinagar

Year 2012-13 POST METRIC-RENEWAL/FRESH

| Class /Course in which studying | Sr. No | Name of Student | Son / Daughter of | Permanent Address of Students | Male / Female | Religion | % of marks in Qualifying exam | Annual income | Name and Address of School / College / Institute | Class /Course in which studying | Govt. (G) / Private (p) | D.S. / H | Fresh / Renewal | Bank Detail and Account No of School / college/ Institute | Bank Detail and Account No of Student | Scholarship Amount | | | | SCHOLARSHIP RECEIVED IN 2010-2011 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | | | | | Admission fee | Course fee amount | Mantenance allownace | Total | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 | |
| | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | |